# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

## 'ક્રાંતિદિન' અહેવાલ

: પ્રેરક :
નિયામકશ્રી
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

: સંકલન :
પી.એસ.ટી.ઈ. શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

: પ્રયોજક :
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ત્રિકોણબાગ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન/ફેક્સ : (૦૨૮૧) ૨૨૪૨૧૪૦ **Email : diet_rajkot@yahoo.co.in**

# મહાઆરતી અને મશાલ સરઘસ

## કાર્યક્રમ સારાંશ

સ્થળ :- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - રાજકોટ

તારીખ :- ૯/૮/૦૭ સમય :- ૭:૪૫ સાંજે.

લાભાર્થી જૂથ :- પ્રથમ વર્ષ તેમજ દ્વિતિય વર્ષ તાલીમાર્થીઓ - ૯૮.

ઉપસ્થિત અધ્યાપકો :-

શ્રી કે.વી. રીંડાણી
શ્રી એલ. જે. પુરોહિત
શ્રી એલ. જે. કણઝારીયા
શ્રી પી. વી. જાની
શ્રી યુ. સી. મહેતા
શ્રી ડી. એ. ત્રિવેદી
શ્રી નિરૂપમાબેન મકવાણા
શ્રી લીનાબેન ઉપાધ્યાય
શ્રી જયસુખભાઇ ધ્રાંગડ (સેવક)




મશાલ સરઘસ અને મહાઆરતીમાં જોડાયેલ ડાયેટ સ્ટાફ

## ક્રાંતિદિન અહેવાલ તા. ૯/૭/૨૦૦૭

**પ્રસ્તાવના:-**

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં તેમજ ૯/૮/૧૯૨૫માં કાકોરી ટ્રેન લૂંટવામાં આવી હતી.જેમાં ૧૦ ક્રાંતિકારીઓએ ભાગ ભજવ્યો હતો. જેમાંથી ચારને ફાંસીની સજા અને બાકીનાને જેલની સજા ફરમાવવામાં આવી ૯/૮/૧૯૪૨ ના રોજ મહાત્મા ગાંધીજીએ ‘હિંદ છોડો’ આંદોલન છોડયું હતું અગણિત ક્રાંતિકારીઓ સ્વાતંત્ર્ય સંગ્રામના યજ્ઞમાં આહુતિ પામ્યા હતા. તેમની સમૃતિ રૂપે ‘ક્રાંતિદિન’ ઉજવણીનું આયોજન અનેક જગ્યાએ કરવામાં આવ્યું હતું જે અનુસનંધાને જી.સી.ઇ.આર.ટી.ના ં પરિપત્ર મુજબ તમામ તાલીમ ભવનોએ ‘ક્રાંતિદિન’ નિમિતે ૯/૮/૨૦૦૮ ના રોજ મશાલ સરઘસ અને મહાઆરતીનું આયોજન કરવું એ પ્રમાણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજકોટમાં પણ આખો દિવસ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આખો દિવસ ‘ક્રાંતિદિન’ ખરા અર્થમાં બની રહયો હતો. પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે જેવા કાર્યક્રમ સ્ટાફ પરિવાર સાથે કરેલ હતો.

**✸ કાર્યક્રમના હેતુ :-**

૧. તાલીમાર્થીઓ ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ અર્પે.
૨. ક્રાંતિકારીઓના જીવન ચરિત્ર વિશે જાણે.
૩. તાલીમાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય.
૪. સાહસવૃતિ કેળવાય.
૫. તાલીમાર્થીમાં સંઘભાવનાનો વિકાસ થાય.
૬. તાલીમાર્થીઓમાં દેશદાઝની ભાવના કેળવાય.

## ✷ મુખ્ય કાર્યક્રમો

૧. દેશભકિત પર આધારિત પ્રાર્થના કાર્યક્રમ
૨. દેશભકિત પર આધારિત શહિદ ભગતસિંહ નાટક
૩. ફિલ્મ દર્શન
૪. પુસ્તક પ્રદર્શન
૫. મશાલ સરઘસ
૬. મહા આરતી

## ✷ <u>૧. દેશભકિત પર આધારિત પ્રાર્થના કાર્યક્રમ</u>

- જીવન અંજલિ થાજો
- કૂચગીત :- નન્ના મુન્ના રાહી હું
- પ્રેરક પ્રસંગ :- ચંદ્રશેખર આઝાદ
- પુસ્તક સમીક્ષા :- શહિદોના પત્રો
- સુવિચાર :- દેશભકિત પરના
- દેશભકિત ગીત
- સમાચાર
- વન્દે માતરમ્

## ✷ <u>૨. દેશભકિત પર આધારિત શહિદ ભગતસિંહ નાટક</u>

શહિદ ભગતસિંહે, એસેમ્બલ હોલમાં બોમ્બ ફેંકયો હતો, બાદમાં કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂને ફાંસી થઇ તે વિષયવસ્તુ પર આધારિત તાલીમાર્થીઓ દ્વારા સુંદર મજાનું નાટક આબેહુબ દ્દશ્ય ઉભા કરી ઉભું કર્યું હતું. આ નાટક ૧૯૩૧ ના સમયમાં સૌને લઇ ગયું હતું.

✷ <u>૩. ફિલ્મ દર્શન</u>

શહિદ ભગતસિંહ અને ક્રાંતિકારીઓની અનોખી કહાની કહેતું ફિલ્મ " ધી લિઝન્ડ ઓફ ભગતસિંહ" નું એલ.સી.ડી. પર પ્રાર્થના ખંડમાં નિહાળવામાં આવ્યું હતું.

✷ <u>૪. પુસ્તક પ્રદર્શન</u>

અમારી સંસ્થાની લાયબ્રેરીમાંથી ૨૫૦ જેટલા ક્રાંતિકારીઓ અને સ્વાંતત્ર્ય સંગ્રામને લગતા દૂલર્ભ પુસ્તકોનું પ્રદર્શન પુસ્તકાલયમાં ગોઠવવામાં આવેલ હતું જે પુસ્તક પ્રદર્શન ૧૦-૧૦ ના જુથમાં તાલીમાર્થીઓએ નિહાળ્યું હતું અને પુસ્તકોની ટૂંકી નોંધ સૌ તાલીમાર્થીએ કરી હતી.

✷ <u>૫. મશાલ સરઘસ</u>

સાંજે ૮-૩૦ થી ૯-૩૦ ના સમયગાળામાં મસાલ સરઘસનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં તાલીમાર્થીઓએ સ્વહસ્તે બનાવેલ મસાલનો ઉપયોગ કર્યો હતો. મશાલ સરઘસમાં દેશભકિતના ગીતો ગાયા હતા તેમજ નારાઓ બોલાયા હતા. નીચે પ્રમાણેના નારા એક ટીમના દ્વારા નારા બોલતા હતાં અને બીજા લોકો દ્વારા નારા ઝીલતા હતાં.



તાલીમાર્થીઓ મશાલ જલાવી સરઘસમાં જવાની તૈયારી કરી રહયા છે.

✸ <u>નારાઓ</u>

૧. જય જવાન જય કિસાન
૨. વંદે માતરમ્
૩. ગોવા હો યા ગૌહાટી, અપના દેશ અપની માટી
૪. કાશ્મીર હો યા કન્યા કુમારી, ભારત માતા સબસે પ્યારી
૫. એક-દો-તીન-ચાર, ભારતમાં કી જય જય કાર
૬. ફુલ નહીં ચીનગારી હૈ. હમ ભારતકી નારી હૈ.
૭. સાચી ક્રાંતિ કરશે કોણ, નવયુવાન નવયુવાન
૮. ભારતમાતા કી જય
૯. ક્રાંતિવીર અમર રહો.
૧૦. સાંરે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા.

✷ ૬. મહા આરતી

મશાલ સરઘસ બાદ ભારતમાતા, ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદના ફોટાઓ રાખી મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું. અંતે વંદે માતરમ્ ગીત અને સાંરે જહાંસે અચ્છા હિન્દોસ્તા હમારા. . . . ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ગીત ગાઇને આ કાર્યક્રમની પૂર્ણાહૂતી કરી હતી.




ભારતમાતા, ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ
ચંદ્રશેખર આઝાદના ફોટાઓ રાખી મહાઆરતી




તાલીમાર્થીઓ મશાલ સરઘસમાંથી આવી મહાઆરતી કરી રહયા છે.



તાલીમાર્થીઓ અને ડાયેટ સ્ટાફ વંદે માતરમ્ ગીત અને સાંરે જહાંસે અચ્છા હિન્દોસ્તા હમારા. . . .
ગીતનું ગાન કરી રહયા છે.

## તા.૯/૮/૨૦૦૭ ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજકોટમાં ‘ક્રાંતિદિન’ની ઉજવણી હરસ અને ઉલલાસ સાથે પૂર્ણ કરી.